આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૦૮ | ૨૭ જૂન ૨૦૧૨, બુધવાર, અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

કામ, ક્રોધ, લોભ અને મોહના ત્યાગથી જ આત્માની ઉન્નતિ થાય છે
- ગીતાજી

સાદરા જક્ષણી મંદિરમાં ધાડપાડુ ત્રાટક્યા

મોડી રાત્રે મંદિરમાં ઘૂસેલા આદિવાસી જેવા ૨૦ થી ૨૫ શખ્સોએ ચોકીદાર અને પૂજારી પર જીવલેણ હુમલો કર્યો

કાર્યાલયની તિજોરીઓ ફંફોસી દાનપેટીમાંથી ૨ હજાર લૂંટ્યા : ગર્ભગૃહનું તાળું ન તૂટતા દાગીના સલામત

ગાંધીનગર, તા. ૨૬

પવિત્ર યાત્રાધામ સાદરા જક્ષણી માતાના મંદિરમાં ગત મોડી રાત્રે ૨૦ થી ૨૫ આદિવાસી જેવા શખ્સોએ મંદિરના ચોકીદાર અને પૂજારી પર જીવલેણ હૂમલો કરી મંદિરની દાનપેટીમાંથી રૂ. બે હજારની લૂંટ કરી હતી. ધાડપાડુઓએ પૂજારી અને ચોકીદારને પત્થર મારી લોખંડના સળિયા અને ઘોડા વડે માર મારતા મંદિર કેમ્પસ રકતરંજિત બન્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લામાં સ્થિત સાદરા ગામથી દોઢ કિ.મી. દૂરના અંતરે સ્થિત જક્ષણી માતાના મંદિરમાં ગઈ કાલે રાત્રિના ૧.૩૦ વાગ્યાના અરસામાં ૨૦ થી ૨૫ આદિવાસી જેવા લાગતા શખ્સો પ્રવેશ્યા હતા. ૨૫ થી ૩૦ વર્ષની વયના આ શખ્સોએ મંદિરના ચોકીદાર નારણભાપુજી ચૌહાણ તેમજ પૂજારી નરેન્દ્ર ભગવતીપ્રસાદ રાવલ પર પત્થરો ફેંકયા હતા. ત્યારબાદ ધાડ પાડવાના ઈરાદે આવેલા આ ઈસમોએ ધોકા અને લોખંડના સળિયાના 'ઘા' ઝૂંકી બંને ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. લોહીયાળ હુમલો કરી ધાડપાડુઓએ મંદિરની દાનપેટીમાંથી રૂ. ૨ હજારની લૂંટ કરી હતી. જયારે પવિત્ર યાત્રાધામ તરીકે વિકસેલા જક્ષણી મંદિરના કાર્યાલયમાં પણ હિન્દીભાષી ધાડપાડુઓ ઘુસ્યા હતા. આ દરમિયાન કાર્યાલયમાં તોડફોડ કરી અંદર સ્થિત તિજોરીનો સામાન પણ રફેદફે કરી નાંખ્યો હતો. ધાડ પાડવા આવેલા લૂંટારૂં શખ્સોએ મંદિરમાં વીજ લાઈનનો વાયર તોડી અંધારપટ્ટ કરી દીધો હતો. આદીવાસી ગેંગ સમાન આ શખ્સોએ મંદિરની અંદર પ્રવેશી માતાજીના દાગીના ચોરવા પણ પ્રયાસ કર્યો હતો. પરંતુ ગર્ભગૃહનું તાળું ન તૂટતા કિંમતી દાગીના સલામત રહ્યા હતા. મોડી રાત્રે મંદિર સંકુલમાં ઘૂસેલા આ ધાડપાડૂઓ પેન્ટશર્ટ પહેરીને આવ્યા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. હિન્દીમાં વાતચીત કરતી આ ગેંગના ઈસમોએ ચોકીદાર અને પૂજારી પર જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી છે. ઈજાગ્રસ્ત બંનેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મંદિરમાં ધાડના બનાવ સંદર્ભે પોલીસને જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પવિત્ર યાત્રાધામ ગણાતા જક્ષણી મંદિરમાં ધાડપાડુઓના લોહીયાળ હુમલાની જાણ થતા આસપાસના ભાવિક ગ્રામજનો પણ ઘટના સ્થળે ઉમટી પડયા હતા. ઘટના સ્થળે ડોગ સ્કવોર્ડની મદદથી ગુન્હેગારોનું પગેરું શોધવા તપાસ હાથ ધરી હતી. જયારે આસપાસના નદીપટના વિસ્તારમાંપણ પોલીસની ટૂંકડીએ બાઈક દોડાવી ખુદ તપાસનો દૌર હાથ ધર્યો હતો. આ મામલે મંદિરના ચોકીદાર નારણભાઈએ ફરિયાદ નોંધાવતા ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર બી.સી. ઠકકરે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી આદિવાસી ગેંગ સક્રિય થઈ છે. થોડા સમય અગાઉ પણ આ વિસ્તારમાં નદીના પટમાં આવી જ ગેંગે સૂતેલા વ્યક્તિ પર હુમલો કરી રૂ. ૯૮ હજારી ધાડ કરી હતી.

એકવાય બીકોમની પ્રથમ મેરીટ યાદી જાહેર કરાતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સુકતા રહી હતી.

આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

બન્ને પક્ષો આજે સભ્યોની બેઠકમાં તેમની રણનીતિ નક્કી કરી ગૃહમાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા પોલીસ બંદોબસ્ત વચ્ચે મળશે. બપોરે ૩ વાગે પંચાયતના સરદાર હોલમાં આ સામાન્ય સભા શરૂ થશે. બન્ને પક્ષોએ આજે તેમના સભ્યોની બેઠક બોલાવી છે અને તેમાં તેમની રણનીતિને આખરીરૂપ આપી ગૃહમાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલના અધ્યક્ષસ્થાને મળનાર આ સામાન્ય સભામાં સભ્યો દ્વારા રજુ થયેલા ૮ જેટલા પ્રશ્નો રજુ થશે. સભ્યોએ શિક્ષણ, આરોગ્ય, બાંધકામ વિભાગને લગતા પ્રશ્નો રજુ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

પંચાયતની આ સામાન્ય સભાના એજન્ડામાં આમ તો ૭ જેટલા મુદ્દાઓ દર્શાવવામાં આવ્યા છે. જેમાં અગાઉ મળેલ બે સામાન્ય સભાની કાર્યવાહી નોંધ બહાલ રાખવા અંગેના છે. જ્યારે વિવિધ સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધ પણ વંચાણે લઈ બહાલ રાખવાની બાબતનો સમાવેશ થાય છે.

પંચાયતની આ સામાન્ય સભાને આમ તો રૂટીન બેઠક ગણાવવામાં આવી રહી છે પરંતુ આ બેઠકમાં કોંગ્રેસ પક્ષમાં પ્રવર્તતી જૂથબંધી બહાર આવે તેવી શક્યતાઓ પણ નકારાતી નથી. જો કે કોંગ્રેસ પક્ષે તેના સભ્યોની બેઠક બપોરે બાર વાગ્યે બોલાવી છે અને બધા સભ્યો એક સાથે જ ગૃહમાં આવશે.

બીજી તરફ ભાજપ પણ બહુ આકમક મૂડમાં હોય તેમ જણાતુ નથી. વિપક્ષે પણ આ બેઠક અંગે હજુ સુધી કોઈ રણનીતિ તૈયાર કરી હોવાનું જણાતુ નથી.

જિલ્લા પંચાયતની આ બેઠકમાં નાણાંપંચની ગ્રાન્ટ ફાળવણી તેમજ રેતી-કાંકરીની ગ્રાન્ટ ફાળવણીનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહે તેમ મનાઈ રહ્યું છે. વિપક્ષ ભાજપ તેમજ કોંગ્રેસ પક્ષના સભ્યોમાં આ મુદ્દે અસંતોષ જોવા મળે છે. જો કે કોંગ્રેસ પક્ષ તેના સભ્યોને મેન્ડેટ આપી પક્ષની આંતરિક વાતો બહાર ના આવે તેની વિશેષ કાળજી લેનાર હોવાની વાતો પણ આજે સંકુલમાં સાંભળવા મળી હતી.

આજની આ બેઠકમાં પ્રમુખસ્થાનેથી કોઈ ખાસ બાબતો રજુ કરવામાં આવે તેવી શક્યતાઓ પણ નહિવત હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

અરવિંદ કેજરીવાલ શુક્રવારે ગાંધીનગરની મુલાકાતે આવે છે

ગૌચરની જમીનના મુદ્દે સત્યાગૃહમાં જોડાશે : ૨૯મી જુનના દિવસે ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરથી યોજાનારી રેલીમાં અરવિંદ કેજરીવાલ ખાસ હાજર રહેશે

ગાંધીનગર, તા. ૨૬

ગૌચરની જમીનો ઉદ્યોગોને પધરાવી દેવાની રાજ્ય સરકારની નીતિ-રીતિના વિરોધમાં દેહગામ તાલુકાના લવાડ ગામના લોકો ઘણા સમયથી લડત આપી રહ્યા છે. આગામી તા. ૨૯મી જુનના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિરથી લવાડ ગામ સુધીની સત્યાગ્રહ રેલી અને ગ્રામ સ્વરાજ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અણ્ણા હજારેની ટીમના અરવિંદ કેજરીવાલ ખાસ ઉપસ્થિત લઈને લડતનું નેતૃત્વ લેશે તેમ સુત્રોમાંથી જાણવા મળ્યુ છે. દેહગામ તાલુકાના લવાડ ગામના લોકોએ સરકારને ગ્રામસભાનો અધિકાર છીનવી લેવા અને ગ્રામસભાની મંજુરી વિના ગૌચર જમીન વેચી મારવા સામે ચેતવણી ઉચ્ચારતાં જણાવ્યું છે કે, સરકારની દાદાગીરીને અમે તાબે થવાના નથી અને જમીન બચાવવા જાન આપીશું પરંતુ જમીન નહીં આપીએ. લવાડની જમીન બચાવવાના મુદ્દે આગામી ૨૯મી જુને અણ્ણા હજારેની કોર ટીમના સભ્ય અરવીંદ કેજરીવાલની હાજરીમાં ગાંધીનગર મહાત્મા મંદીરથી લવાડ સુધીની સત્યાગ્રહ રેલી અને લવાડ ખાતે ગ્રામસ્વરાજ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ગ્રામસભા બોલાવવાનો નિર્ણય મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી કરે છે. આ અધિકારીઓને ગાંધીનગરની આદેશ આપવામાં આવે છે. ગાંધીજીના ગ્રામસ્વરાજની વાતો બધા રાજકીય પક્ષો કરે છે પરંતુ ગ્રામવાસીઓને વધુ અધિકારો આપવાની વાત દુર જે અધિકારો આપેલાં છે તે પણ સત્તા જોરે આંચકી લેવાની પ્રવૃત્તિ બેફામ બની ગઈ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

અમદાવાદ સહિત રાજ્યમાં હળવો વરસાદ : ભેજ વધ્યો

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદ સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં આજે હળવો વરસાદ પડ્યો હતો. દિવસ દરમ્યાન આજે આકાશ વાદળછાયુ રહ્યું હતું અને હવામાં ભેજનું પ્રમાણ વધારે હતું. અમદાવાદમાં સાંજે વરસાદના એકાદ બે ઝાપટા પડ્યા હતા. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી ભાવનગરમાં ૪૦.૦ ડીગ્રી નોંધાઈ હતી.

રાજ્યમાં આજે દિવસ દરમિયાન સુરતમાં ૦.૭ મીમી અને વલસાડમાં ૧.૦ મીમી વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં આજે સરેરાશ ૨.૫ મીમી અને મોસમનો કુલ વરસાદ ૪૩.૦૭ મીમી નોંધાયો છે. આજે દક્ષિણ ઝોનમાં ૧૧.૦ મીમી, પુર્વ ઝોનમાં ૦.૬૭ મીમી, પશ્ચિમ ઝોનમાં ૦.૫ મીમી, નવા પશ્ચિમ ઝોનમાં ૨.૩૩ મીમી અને મધ્ય ઝોનમાં ૦.૫ મીમી વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે ગાજવીજ સાથે વરસાદનું એકાદ ઝાપટુ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય
પ્રવેશ જાહેરાત
પત્રકારત્વ P.G. ડિપ્લોમા કોર્ષ
પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (PGDJMC)
- પ્રવેશ લાયકાત : કોઈપણ વિદ્યાશાખામાં માન્ય યુનિવર્સિટી સ્નાતક
- અભ્યાસ ક્રમની મુદત : ૧ વર્ષ (૨ સેમિસ્ટર)
- ફોર્મ : યુનિવર્સિટી કાર્યાલય અથવા વેબસાઈટ www.ksvuniversity.org.in વેબસાઈટ પરથી મળી શકશે.
- ફોર્મ મેળવવાનો સમય : સવારે ૧૦.૦૦ થી ૨.૦૦
ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૦-૭-૨૦૧૨
વધુ માહિતી માટે ૮૪૦૧૮૯૩૨૨૯/૯૪૨૭૮૩૨૭૮૫
કુલસચિવ
એચ.જી.એન.પી. કેમ્પસ, મ-૫ સર્કલ, સેક્ટર-૧૫, ગાંધીનગર.